# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805
e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૯ ◆ અંકઃ ૦૫ ◆ સળંગ અંકઃ ૧૦૦ ◆ તા.૧૫/૦૩/૨૦૨૫, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


# GST હેઠળ ચાલી રહી છે માફી યોજના. આ યોજનાનો લાભ કેવી રીતે મેળવવા શું કરવું??



By Bhavya Popat, Advocate

Dt 28.02.2025

જી.એસ.ટી. કાયદો તારીખ ૦૧.૦૭.૨૦૧૭ થી લાગુ થયો છે. આ કાયદાની શરૂઆતમાં વેપારીઓ એ અનેક મુશ્કેલીનો સામનો કરેલ હતો. કાયદામાં રહેલ જોગવાઈના અર્થઘટનમાં અનેક વિસંગતતાઓ હતી. જી.એસ.ટી. ના કાયદા, નિયમોમાં અનેક ફેરફારો અવારનવાર કરવામાં આવતા વેપારીઓએ અનેક મુશ્કેલી વેઠી હતી. આ ઉપરાંત અઢળક નોટિફિકેશનો એ વેપારી અને તેમના ટેક્સ કન્સલ્ટન્ટનું જીવન મુશ્કેલ કરી નાંખ્યું હતું.

આ વર્ષોમાં અનેક કરદાતાઓની આકારણી કરવામાં આવી અને આ આકારણીમાં મોટા પ્રમાણમા ટેક્સ, વ્યાજ અને દંડ કરદાતા સામે ડિમાન્ડ ઊભી કરવામાં આવી. કરદાતાઓ-વેપારીઓમાં આ ડિમાન્ડમાંથી મહદ્દ અંશે રાહત આપવા કેન્દ્રિય નાણામંત્રિ નિર્મલા સિથારમણ દ્વારા બજેટ ૨૦૨૪ માં વેપારીઓ માટે માફી યોજના (એમ્નેસ્ટી સ્કીમ) બહાર પાડવામાં આવી. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૨૮A આ સાથે ઉમેરવામાં આવી.

ફાઇનન્સ કેન્દ્રિય માલ અને સેવા કર (CGST) અધિનિયમ, ૨૦૧૭માં કલમ ૧૨૮A દાખલ કરવાનો હેતુ કરદાતાઓને ચોક્કસ કર માંગણીઓ માટે વ્યાજ, દંડ અથવા બંને માફ કરીને રાહત આપવાનો છે. ૧ નવેમ્બર, ૨૦૨૪ થી અમલમાં આવેલી આ જોગવાઈ ૧ જુલાઈ, ૨૦૧૭ થી ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીના કર સમયગાળાને આવરી લે છે અને સહાયક સૂચનાઓ અને પરિપત્રો સાથે, CGST નિયમો, ૨૦૨૪ ના નિયમ ૧૬૪ દ્વારા લાગુ કરવામાં આવે છે. આ જોગવાઈ પાછળનો ઉદ્દેશ્ય કરદાતાઓ પરનો બોજ ઘટાડવાનો, લાંબા સમયથી પડતર વિવાદોનું નિરાકરણ કરવાનો અને કર પાલન પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે.

### કલમ ૧૨૮A ની મુખ્ય જોગવાઈઓ

કલમ ૧૨૮A એવા ચોક્કસ કિસ્સાઓમાં વ્યાજ અને દંડમાંથી રાહત પૂરી પાડે છે જ્યાં કલમ ૭૩ હેઠળ ડિમાન્ડ ઉભી કરવામાં આવી હોય. આ કલમ કરદાતાઓને દંડ અને વ્યાજના કોઈપણ વધારાના બોજ વિના મુખ્ય કર જવાબદારી ચૂકવીને તેમના બાકી કર વિવાદોને સમાપ્ત કરવાની મંજૂરી આપે છે.

### આ યોજના નીચેના કિસ્સાઓમાં લાગુ પડે છે

જ્યાં કરદાતાને કલમ ૭૩(૧) હેઠળ નોટિસ અથવા કલમ ૭૩(૩) હેઠળની નોટિસ પ્રાપ્ત થઈ હોય, અને કલમ ૭૩(૯) હેઠળ કોઈ નિર્ણય આદેશ જારી કરવામાં આવ્યો ન હોય અથવા તો

જ્યાં કલમ ૭૩(૯) હેઠળ આદેશ પસાર કરવામાં આવ્યો હોય પરંતુ કલમ ૧૦૭(૧૧) અથવા કલમ ૧૦૮(૧) હેઠળ કોઈ આદેશ જારી કરવામાં આવ્યો ન હોય. જ્યાં કલમ ૧૦૭(૧૧) અથવા કલમ ૧૦૮(૧) હેઠળ આદેશ પસાર કરવામાં આવ્યો હોય પરંતુ કલમ ૧૧૩(૧) હેઠળ કોઈ આદેશ પસાર કરવામાં આવ્યો ન હોય.

ટૂંકમાં કહીએ તો એવા કિસ્સા કે જ્યાં કરદાતાને નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ થી માંડીને ૨૦૧૯ ૨૦ માટે કલમ ૭૩ હેઠળ કોઈ નોટિસ મળેલ હોય, આ વર્ષો માટે DRC 07 માં આકારણી આદેશ મળેલ હોય તેવા તમામ કિસ્સાને લાગુ પડશે.




જો કરદાતા ઉપરોક્ત શરતો પૂર્ણ કરે છે અને ૩૧ માર્ચ ૨૦૨૫ પહેલાં નોટિસ અથવા આદેશ મુજબ સંપૂર્ણ ટેક્સની રકમ ચૂકવે છે, તો આ નોટિસ અને આદેશમાં લગાવવામાં આવેલ વ્યાજ અને દંડ માફ કરવામાં આવશે. વધુમાં, આવી કર માંગણીઓ સંબંધિત બધી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું માનવામાં આવશે.

### ક્યાં કિસ્સામાં કલમ ૧૨૮A હેઠળની માફી યોજના લાગુ પડતી નથી

કલમ ૧૨૮A એવા કિસ્સાઓમાં લાગુ પડતું નથી જ્યાં

- માંગ ભૂલભરેલા રિફંડથી સંબંધિત હોય.
- નોટિસ કે આદેશ કલમ ૭૪ હેઠળ કરચોરીના આક્ષેપ વાળો હોય.
- કરદાતાએ અપીલ અથવા રિટ અરજી દાખલ કરી હોય જે સમયમર્યાદા પહેલાં પાછી ખેંચી લેવામાં આવી ન હોય.

### CGST નિયમો, ૨૦૨૪ ના નિયમ ૧૬૪ હેઠળ પ્રક્રિયાગત માળખું

કલમ ૧૨૮A ને અસરકારક રીતે લાગુ કરવા માટે, CGST નિયમો, ૨૦૨૪ માં નિયમ ૧૬૪ દાખલ કરવામાં આવ્યો હતો, જે પ્રક્રિયાગત માર્ગદર્શિકાઓ દર્શાવે છે. મુખ્ય પ્રક્રિયાગત આવશ્યકતાઓ છે

### અરજી દાખલ કરવી

કરદાતાઓએ GST પોર્ટલ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે અરજી દાખલ કરવી આવશ્યક છે. ફોર્મ GST SPL-01 (જ્યાં કલમ ૭૩ હેઠળ ફક્ત નોટિસ અથવા સ્ટેટમેન્ટ જારી કરવામાં આવ્યું હોય) અથવા ફોર્મ GST SPL-02 (જ્યાં કલમ ૭૩ હેઠળ નિર્ણય આદેશ પસાર કરવામાં આવ્યો હોય).

### કર ચુકવણી

કરદાતાઓએ તેમની અરજી દાખલ કરતા પહેલા ફોર્મ GST DRC-03 દ્વારા કર માંગની સંપૂર્ણ ચુકવણીની ખાતરી કરવી આવશ્યક છે. DRC 07 હેઠળ કોઈ માંગણું ઉપસ્થિત થયું હોય તો આ અંગેની ચુકવણી ''પેમેન્ટ ટુવર્ડ્સ ડિમાન્ડ''ના વિકલ્પમાંથી કરવા એડવાઈઝરી GSTN દ્વારા બહાર પાડવામાં આવેલ છે.

### અપીલ પાછી ખેંચવી

જો કરદાતાએ કોઈપણ અપીલ અધિકારી, ટ્રિબ્યુનલ અથવા કોર્ટ સમક્ષ અપીલ અથવા રિટ અરજી દાખલ કરી હોય, તો તેમણે માફી માટે અરજી કરતા પહેલા આવી અપીલ પાછી ખેંચી લેવી આવશ્યક છે. માફી અરજી સાથે ઉપાડના આદેશની નકલ સબમિટ કરવી આવશ્યક છે. માફી અરજી સાથે ઉપાડના આદેશની નકલ સબમિટ કરવી આવશ્યક છે.

### અરજીઓની પ્રક્રિયા

કર અધિકારી દ્વારા ઓનલાઈન મળેલ અરજીની ચકાસણી કરવી પડશે અને અરજી સબમિટ કર્યાના ત્રણ મહિનાની અંદર તેને મંજૂર અથવા અસ્વીકાર કરવી પડશે.

જો કરદાતાની અરજી બાબતે અધિકારીને કોઈ પ્રશ્ન હોય તો તેઓ ફોર્મ GST SPL-03માં નોટિસ જારી કરી શકશે અને કરદાતાઓને ફોર્મ GST SPL-04નો ઉપયોગ કરીને જવાબ આપવા માટે એક મહિનાનો સમય મળશે.જો અધિકારી સંતુષ્ટ થાય, તો ફોર્મ GST SPL-05માં આદેશ જારી કરવામાં આવશે, જે કાર્યવાહી પૂર્ણ કરશે.

જો અરજી અયોગ્ય માનવામાં આવશે, તો ફોર્મ GST SPL-07માં આદેશ જારી કરવામાં આવશે જેમાં માફીની વિનંતીને નકારી કાઢવામાં આવશે.

### સૂચના નં. ૨૧/૨૦૨૪ – કર ચુકવણી માટે સમયરેખા

૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જાહેરનામું નંબર ૨૧/૨૦૨૪-કેન્દ્રીય કર, કલમ ૧૨૮A હેઠળ કર ચુકવણી કરવા માટેની સમયમર્યાદા પૂરી પાડે છે.

૩૧ માર્ચ, ૨૦૨૫, કલમ ૭૩ હેઠળ માંગ સૂચનાઓ અથવા આદેશો જારી કરવામાં આવ્યા હોય તેવા કિસ્સાઓમાં ચુકવણી માટેની છેલ્લી તારીખ છે. જે કિસ્સાઓમાં શરૂઆતમાં કલમ ૭૪ હેઠળ નોટિસ જારી કરવામાં આવી હતી પરંતુ બાદમાં કલમ ૭૩ હેઠળ ફરીથી નિર્ધારિત કરવામાં આવી હતી, ત્યાં ચુકવણી માટેની અંતિમ તારીખ પુનઃનિર્ધારણ આદેશની તારીખથી છ મહિના છે.

કરદાતાઓને વ્યાજ અને દંડ માફી માટે આ યોજના ખૂબ સારી ગણી શકાય. જો કોઈ કરદાતા સામે નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ થી માંડી ૨૦૧૯ ૨૦ માં કલમ ૭૩ હેઠળ કોઈ ડિમાન્ડ ઊભી થઈ હોય તો આ યોજનાનો અચૂક લાભ લે તે જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૨૪.૦૨.૨૦૨૫ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# રોયલ્ટીના આદેશ પસાર કરી ડિમાન્ડ ઊભી કરવામાં આવી પણ ભરવાના કેવી રીતે એ બાબતે સ્પષ્ટતાનો અભાવ!!

## જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા કરદાતા ભોગવી રહ્યા છે આ મુશ્કેલી

તા. ૦૮.૦૩.૨૦૨૫ સુપ્રીમ કોર્ટના રોયલ્ટી અંગેના ચુકાદાના પગલે સમગ્ર દેશમાં રોયલ્ટી ઉપર RCM ભરવાં અંગે અનેક નોટિસો સેંટરલ અને સ્ટેટ જી.એસ.ટી. દ્વારા નીકાળવામાં આવી હતી. આ નોટિસ સામે અમુક કરદાતાઓ એ જવાબ આપી પોતાનો વિરોધ દર્શાવ્યો હતો જ્યારે મોટા પ્રમાણમા કરદાતાઓ દ્વારા આ અંગે જવાબ પણ રજૂ કરવામાં આવ્યો ના હતો. આ નોટિસ સામે જવાબ આપવામાં આવ્યો હોય તો પણ અને ના આપવામાં આવ્યો હોય તો પણ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આદેશ ફેબ્રુઆરી મહિનામાં પસાર પણ કરી આપવામાં આવ્યા છે. હવે કરદાતા પાસે આ આદેશ મુજબ રકમ ભરી આપવાનો એક વિકલ્પ રહે અથવા તો આ આદેશ સામે તેઓ આદેશ મળ્યાના ૯૦ દિવસમાં અપીલ કરી શકે છે. જે કરદાતાઓ પાસે જી.એસ.ટી. નંબર છે કે હતા તેઓ તો પોતાના લૉગિનમાંથી આ બન્ને વિકલ્પ માંથી કોઈ પણ વિકલ્પ લઈ શકે તેમ છે. પરંતુ જે કરદાતાઓ જી.એસ.ટી. આવ્યા બાદ નોંધાયેલ જ નથી તેવા કરદાતા માટે મુશ્કેલી સર્જાઈ રહી હોવાના સમાચાર મળી રહ્યા છે. આવા કરદાતાઓ આદેશ મુજબની રકમ ભરવાં માંગતા હોય તો પણ લૉગિનના અભાવે ભરી શકતા નથી. આવા કરદાતા અપીલ કરવા ઈચ્છતા હોય તો પણ કરી શકતા નથી. આ અંગે ભારે અસમંજસની સ્થિતિ હાલ પરવર્તી રહી છે. આ બાબતે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા અગાઉ ટેમ્પરરી લૉગિન ફાળવવામાં આવતા હતા પરંતુ હાલ આ લૉગિન ફાળવવામાં આવતા નથી. આ સમસ્યાનો જલ્દી નિકાલ કરવામાં આવે તે સરકાર અને કરદાતા બન્ને માટે જરૂરી છે. કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ આ બાબતે અસહાય સ્થિતિ અનુભવી રહ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે.

**ભવ્ય પોપટ ટેક્સ ટુડે.**

# Whether the proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 will be tenable in the eyes of law?



By, Adv. Bhargav N. Ganatra




**Background:-**

- As We Know, Circular No. 171/03/2022-GST clarifies on issues relating to applicability of demand and penalty provisions under the CGST Act, 2017 in respect of transactions involving fake invoices. Accordingly, some of the issues leads to imposition of penalty u/s. 122 of CGST Act, 2017.
- However, due to imposition of "only penalty" u/s. 122 of CGST Act, 2017, Non-Genuine Taxpayer or We can say fraudster were happy as he had not to face any pre-deposit requirements u/s. 107 of CGST Act, 2017 to file the appeal before First Appellate Authority.
- Thus, To Curb this undue advantage, Relevant Amendment has been proposed in Finance Bill, 2025, to substitute the proviso to sub-section (6) of section 107 of CGST Act, 2017, and to provide the requirement of pre-deposit of ten percent of the penalty amount for filing an appeal before the Appellate Authority against an order which involves demand of penalty without involving any demand of tax.
- Hence, A Key Question has been raised that Whether the proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 will be tenable in the eyes of law?

**Why Question has been raised to the tenability of the proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017?**

- In My Humble Opinion, this proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 is without the recommendation of GST Council and therefore needs to be scrutinized that whether the same is tenable in the eyes of law or not!
- For this, the relevant extract of proviso to Section 107(6) of CGST Act, 2017, 55th GST Council's recommendation proposed Amendment to proviso to Section 107 (6) of CGST Act, 2017 is reproduced as under -

| Proviso to Section 107(6) of CGST Act, 2017 | 55th GST Council's Recommendation as per Press Release dated 21st Dec, 2024. | Proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 |
|---|---|---|
| Provided that no appeal shall be filed against an order under sub-section (3) of section 129, unless a sum equal to twenty-five per cent. of the penalty has been paid by the appellant. | To amend the proviso to section 107(6) of CGST Act, 2017 providing for payment of pre-deposit at 10% instead of 25 % for filing appeals before Appellate Authority in cases involving only demand of penalty without involving the demand of tax. | Substitute the proviso to sub-section (6) of section 107 of the Central Goods and Services Tax Act to provide for the requirement of pre-deposit of ten per cent. of the penalty amount for filing an appeal before the Appellate Authority against an order which involves demand of penalty without involving any demand of tax. |

- Thus, the above 55th GST Council's recommendation is very clear to reduce the pre-deposit requirement from twenty-five percentages to ten percentages for an order under sub-section (3) of section 129, Whereas proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 is all about introducing a pre-deposit requirement for ""all orders" which involves demand of penalty without involving any demand of tax.
- Hence, Proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 is not in same line with what was recommended in 55th GST Council Meeting and therefore the same shall be termed as without the recommendation of GST Council.

**Whether the Recommendation of GST Council was Mandatory?**

- In My Humble Opinion, A Big Yes! For this, reliance has been placed on Article 279A (4) of Constitution of India. The relevant extract is reproduced for your kind perusal -

"279A. Goods and Service Tax Council. -
(4) The Goods and Services Tax Council shall make recommendations to the Union and the States on-
(a) the taxes, cesses and surcharges levied by the Union, the States and the local bodies which may be subsumed in the goods and services tax;
(b) the goods and services that may be subjected to, or exempted from, the goods and services tax;
(c)model Goods and Services Tax Laws, principles of levy, apportionment of Goods and Services Tax levied on supplies in the course of inter-State trade or commerce under article 269A and the principles that govern the place of supply;
(d)the threshold limit of turnover below which goods and services may be exempted from goods and services tax;
(e)the rates including floor rates with bands of goods and services tax ;
(f)any special rate or rates for a specified period, to raise additional resources during any natural calamity or disaster;
(g)special provision with respect to the States of Arunachal Pradesh, Assam, Jammu and Kashmir, Manipur, Meghalaya, Mizoram, Nagaland, Sikkim, Tripura, Himachal Pradesh and Uttarakhand; and
(h) any other matter relating to the goods and services tax, as the Council may decide."

- Moreover, reliance is also placed on the judgement of Hon'ble Supreme Court of India in the case of Union of India Anr. Versus M/s Mohit Minerals Pvt. Ltd. Through Director Civil Appeal No. 1390 of 2022, Wherein it was held that The Government while exercising its rule-making power under the provisions of CGST Act and IGST Act is bound by the recommendations of the GST Council.
- Hence, Recommendation of GST Council was Mandatory!

**CONCLUSION -**

- There is no doubt about that proposed Amendment to proviso to Section 107(6) of CGST Act, 2017 was need of the hour!
- However, something which may be morally right may not be legally permissible!

**(Author is an Advocate practicing on Taxation litigations)**

# GST અંતર્ગત માર્ચ-૨૦૨૫ના મહિનામાં કરવાના કાર્યની સરળ ભાષામાં માહિતી






-By Prashant Makwana, Tax Consultant

**પ્રસ્તાવનાઃ**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ પૂરું થવા જઈ રહ્યું છે ત્યારે GST અંતર્ગત રેગ્યુલર રીટર્ન ફાઈલિંગ ની સાથે નીચેના કાર્ય માર્ચ-૨૦૨૫ ના મહિના માં કરવા જરૂરી હોય છે. આ આર્ટીકલ માં આપડે આવા કાર્ય ની સરળ ભાષામાં માહિતી આપેલ છે.

**1. REGULAR TO COMPOSITION APPLICATION**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જે વ્યક્તિ REGULARમાં ટેક્ષ ભરતા હોય અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી જો COMPOSITION SCHEME (ઉચક્વેરા)માં ટેક્ષ ભરવો હોય તે વ્યક્તિ ૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં GST PORTAL પર એપ્લીકેશન કરવાની હોય છે. હાલમાં GST પોર્ટલ પર આ એપ્લીકેશન કરવાનો ઓપ્સન શરુ થય ગયો છે.

**2. QRMPSમાંથી MONTHLY RETURN ફાઈલ કરવા માટેઃ**

જે GSTમાં રજીસ્ટર વ્યક્તિનું પાછલા વર્ષમાં ૫ કરોડ સુધીનું ટર્ન ઓવર હોય તે જ કરદાતા QRMPS અંતરગત QUARTLY RETURN ફાઈલ કરી શકે. જો કોઈ કરદાતા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં QRMPS અંતરગત QUARTLY RETURN ફાઈલ કરે છે, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેમનું ટર્ન ઓવર ૫ કરોડથી વધી ગયું હોય તો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી ફરજીયાત MONTHLY RETURN ફાઈલ કરવા પડે. જે GSTમાં રજીસ્ટર વ્યક્તિ નું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં તેમનું ટર્નઓવર ૫ કરોડ થી વધી ગયું, અથવા GSTમાં રજીસ્ટર વ્યકિત સ્વૈચ્છિક QRMPSમાંથી MONTHLY RETURN ફાઈલ કરવા ઇચ્છતા હોય તેમને ૦૧/૦૨/૨૦૨૫ થી ૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં GST પોર્ટલ પર QRMPS માંથી MONTHLY રીટર્ન ફાઈલ કરવાનો વિકલ્પ સિલેક્ટ કરી લેવાનો રહેશે.

**3. LUT RENEWAL**

GSTમાં રજીસ્ટર વ્યક્તિ જે EXPORT (નિકાસ) કરતા હોય તે વ્યક્તિ LUT (LATTER OF UNDERTAKING) ૩૧/૦૩/૨૦૨૫ પહેલા રીન્યુ કરાવી લેવી ફરજીયાત છે. હાલમાં GST પોર્ટલ પર આ સુવિધા શરુ થય ગયેલ છે.

**4. IEC CODE RENEWAL**

જે વેપારી મિત્રો ઈમ્પોર્ટ-એક્ષપોટ કરે છે તે વેપારી એ ઈમ્પોર્ટ-એક્ષપોટ કોડ (IEC CODE) દર વર્ષ રીન્યુ કરવો જરૂરી છે. જે વેપારી એ ઈમ્પોર્ટ-એક્ષપોટ કોડ (IEC CODE) રીન્યુ નો કરાવે તો તે ડીએક્ટીવ થય જાય છે, અને વેપારી પાસે ઈમ્પોર્ટ-એક્ષપોટ કોડ (IEC CODE) નથી એવું માનવામાં આવે છે.

તેથી જે વેપારી મિત્રો ઈમ્પોર્ટ-એક્ષપોટ કરે છે તે વેપારી મિત્રો એ ૩૧-૦૩-૨૦૨૫ પહેલા ઈમ્પોર્ટ-એક્ષપોટ કોડ (IEC CODE) રીન્યુ કરાવી લેવો હિતાવહ છે.

**5. GTA ડેકલેરેશન**

Goods Transport Agency (GTA) બે રીતે ટેક્ષ ભરી શકે છે, ફોરવર્ડ ચાર્જ અને રીવર્સ ચાર્જ. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ફોરવર્ડ ચાર્જ માં ટેક્ષ ભરતા હોય અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રીવર્સ ચાર્જ માં ટેક્ષ ભરવો હોય તો ૩૧-૦૩-૨૦૨૫ પહેલા ડેકલેરેશન ફાઈલ કરવું ફરજીયાત છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રીવર્સ ચાર્જ માં ટેક્ષ ભરતા હોય અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ફોરવર્ડ ચાર્જ માં ટેક્ષ ભરવો હોય તો ૩૧-૦૩-૨૦૨૫ પહેલા ડેકલેરેશન ફાઈલ કરવું ફરજીયાત છે.

**6. E-Invoice**

જે કરદાતા નું ટરનઓવર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ૫ કરોડ થી ઓછુ હોય અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૫ કરોડ થી વધતું હોય તે કરદાતા ૦૧-૦૪-૨૦૨૫થી E-Invoice લાગુ પડશે.

**(લેખક થાનગઢ ખાતે ટેકસેશન ઉપર પ્રેક્ટિસ કરે છે અને ટેક્સ ટુડેના નિયમિત લેખક છે)**

# જી.એસ.ટી. હેઠળ ગ્રાહકોને વેચાણ કરતાં

**(અનુસંધાન પાના ૩થી શરૂ...)**

ઘણા B2C સાથે વેપાર કરતાં કરદાતા એવા છે કે જેઓ કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરે તો પણ રેગ્યુલર વિકલ્પ કરતાં તેમનો બોજો થોડો જ વધુ થતો હોય. આવા વેપારીઓ માટે કંપોઝીશનમાં જવા અંગે વિચરવું ખૂબ જરૂરી છે. કંપોઝીશનમાં જવાથી વેપારીની રિટર્ન ભરવાની, લેઈટ ફી ભરવાની, આકારણી કરાવવાની જવાબદારીમાં પણ ખૂબ ઘટાડો થતો હોય છે. આમ, નાના વેપારીઓ માટે જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમ ચોક્કસ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે અને આ અંગે વિચરવું દરેક વેપારી માટે જરૂરી બની જાય છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમી પૂર્તિમાં તારીખ ૧૦-૦૩-૨૦૨૫ના રોજ પ્રકાશિત થયેલ છે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# જી.એસ.ટી. હેઠળ ગ્રાહકોને વેચાણ કરતાં કરદાતાઓ માટે કંપોઝીશન સ્કીમ બની શકે છે ઉત્તમ વિકલ્પ!!

-By Bhavya Popat, Advocate

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કંપોઝીશન સ્કીમનો લાભ લેવા ૩૧ માર્ચ પહેલા અરજી કરવી છે જરૂરી

તા.૧૨.૦૩.૨૦૨૪ જી.એસ.ટી. લાગુ કરવાનો મૂળ હેતુ વેપારીઓને ‘‘સિમલેસ ક્રેડિટ’’ મળી રહે તે હતો. પરંતુ જેમ જેમ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટને લઈને મોટા કૌભાંડ પકડાઈ રહ્યા છે, તેમ તેમ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર સરકાર દ્વારા આકરા નિયંત્રનો મૂકવામાં આવી રહ્યા છે. હાલ, જ્યારે વેપારીઓ માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટની જોગવાઈઓ સમજવામાં આવે ત્યારે એટલું ચોક્કસ સમજાય છે કે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી એ ‘‘સિમલેસ’’ તો નથી જ રહી પરંતુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવી એ લગભગ લોઢાંના ચણા ચાવવા જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. આ સમયે જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમની મહત્વતા સમજવી જરૂરી બની જાય છે. જી.એસ.ટી. કાયદા હેઠળ નાના વેપારીઓને કંપોઝીશન હેઠળ વેરો ભરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. B2C એટલેકે સીધા ગ્રાહકોને અથવા તો જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા વેપારીને (અન્ય જી.એસ.ટી. હેઠળ નોંધણી ધરાવતા વેપારીઓને નહીં) માલનું વેચાણ કરતાં વેપારીઓ માટે કંપોઝીશન સ્કીમ આશીર્વાદ રૂપ સાબિત થઈ શકે છે. આજે આ લેખમાં જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમની વિવિધ જોગવાઈની ચર્ચા કરવામાં આવેલ છે.

### જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમ હેઠળ ટર્નઓવરની છે આ મર્યાદાઓ

**માલનું ઉત્પાદન કે વેપાર કરતાં કરદાતા:**

- પાછલા વર્ષમાં ૧.૫ કરોડથી સુધીનું ટર્નઓવર ધરાવતો કોઈ પણ વેપારી કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે.
- મુખ્ય રીતે માલનું ઉત્પાદન કે વેચાણ કરતાં પરંતુ માલ સાથે થોડી સેવા પૂરી પડતાં વેપારીઓ માટે કુલ ટર્નઓવરના ૧૦% કે ૫ લાખ બે માંથી જે વધુ હોય તે રકમની સેવા પૂરી પાડતાં વેપારીઓ પણ કંપોઝીશનનો લાભ લઈ શકે છે.
- ઉલ્લેખનીય છે કે ૧.૫૦ કરોડનું ટર્નઓવર ગણવામાં એકજ PAN ઉપર રજિસ્ટર્ડ તમામ ધંધાનું ટર્નઓવર ગણવાનું રહે છે.
- ઉલ્લેખનીય છે કે એક જ PAN ઉપર એકથી વધુ નંબર ધરાવતા જી.એસ.ટી. કરદાતાઓ માટે તમામ PAN ઉપર એક જ વિકલ્પ લેવો શક્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો એક જ PAN હેઠળ કોઈ કરદાતા એક ધંધા માટે કંપોઝીશનનો વિકલ્પ અને અન્ય ધંધા માટે ‘‘રેગ્યુલર’’ વિકલ્પ લઈ શકે નહીં.

**માત્ર કે મુખ્યત્વે સેવા પૂરી પાડતાં કરદાતા માટે સર્વિસ કંપોઝીશનનો વિકલ્પ:**

- માત્ર સેવા પૂરી પાડતા કે મુખ્યત્વે સેવા પૂરી પાડતાં કરદાતાઓ માટે સર્વિસ કંપોઝીશનનો વિકલ્પ રહેલો છે. આ વિકલ્પ અન્વયે ૫૦ લાખ સુધીનું ટર્નઓવર ધરાવતા નાના કરદાતાઓ આ વિકલ્પનો લાભ લઈ શકે છે.
- ઉલ્લેખનીય છે કે ૫૦ લાખનું ટર્નઓવર ગણવામાં એકજ PAN ઉપર રજિસ્ટર્ડ તમામ ધંધાનું ટર્નઓવર ગણવાનું રહે છે.

**કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા વેપારીએ કટલી રકમ ટેક્સ તરીકે ભરવાની થાય?**

- ઉત્પાદન સાથે જોડાયેલ વેપારીએ પોતાના કુલ ટર્નઓવર (કરમુક્ત સહિત) ઉપર 1% (0.5% CGST + 0.5% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો રહે.
- માલના વેપાર સાથે જોડાયેલ વેપારીએ પોતાના કરપાત્ર ટર્નઓવર ઉપર 1% (0.5% CGST + 0.5% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો રહે.
- સેવા સાથે જોડાયેલ સેવા કરદાતાઓએ 6% (3% CGST + 3% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો થાય.
- ઉપર દર્શાવેલ વેરા ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન, વકીલ ફી, રોયલ્ટી જેવી જાહેર કરવામાં આવેલ સેવાઓ ઉપર રિવર્સ ચાર્જ મુજબ વેરો ભરવાની જવાબદારી આવે.




### ક્યાં વેપારી કંપોઝીશનનો લાભ લઈ શકે નહીં:

કંપોઝીશન સ્કીમનો લાભ મેળવવા અંગે ટર્નઓવર ઉપરાંત નીચેની બાબતોની ધ્યાને લેવી જરૂરી છે. નીચે દર્શાવેલ વેપારીઓ કંપોઝીશનનો લાભ લઈ શકે નહીં. જી.એસ.ટી. કાયદા અને નિયમોમાં આ પ્રકારના વેપારીઓ કંપોઝીશાનનો વિકલ્પ સ્વીકારવા અયોગ્ય ગણાય છે.

- આઈસ્ક્રીમ, પાન મસાલા તથા ટોબેકો (તમાકુ)ના ઉત્પાદકો
- આંતર રાજ્ય વેચાણ કરતાં વેપારીઓ.
- ઈ-કોમર્સ (ઓનલાઈન) પોર્ટલ દ્વારા સેવા પૂરી પાડતા વેપારીઓ
- જી.એસ.ટી. લાગુ ના હોય તેવી વસ્તુઓના વેપાર (પેટ્રોલ, ડીઝલ, લીકર વી.) સાથે જોડાયેલ કરદાતા કંપોઝીશનનો લાભ લઈ શકે નહીં.

**કંપોઝીશનનો લાભ લેતા વેપારીઓ માટે મહત્વની શરતો:**

કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરનાર કરદાતાએ નીચેની શરતોનું પાલન કરવાનું રહે છે.

- કંપોઝીશન કરદાતા ખરીદી ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો લાભ લઈ શકશે નહીં.
- કંપોઝીશન વેપારી વેચાણ સમયે કોઈ વેરો ઉઘરવી શકે નહીં.
- કંપોઝીશનના વેપારીએ પોતાના દુકાનના બોર્ડ ઉપર ‘‘કંપોઝીશન ટેકસેબલ પર્સન’’ એવું લખાવવું ફરજિયાત છે.
- કંપોઝીશનના વેપારીએ પોતાની બિલબુકમાં "Composition Taxable Person Not Eligible to Collect Tax" લખાવવું ફરજિયાત છે.

**કંપોઝીશન હેઠળ પરવાનગીની અરજી ક્યારે કરવાની રહે?**

કોઈ પણ વેપારી નવો જી.એસ.ટી. નંબર મેળવવા અરજી કરે ત્યારે કંપોઝીશનની અરજી એ ફોર્મમાં જ કરવાની રહે છે. એક વાર જો આ ફોર્મમાં અરજી કરવાનું ચૂકી જાય તો ફરી એ વર્ષ માટે નવા નોંધણી મેળવનારને એ વર્ષ માટે કંપોઝીશનનો વિકલ્પ મળતો નથી. કોઈ વેપારીનો જી.એસ.ટી. નંબર ચાલુ હોય તેવા વેપારી, પછીના નાણાકીય વર્ષ માટે, નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલા આ અરજી કરી શકે છે. આ અરજી ૦૧ માર્ચથી ૩૧ માર્ચ વચ્ચે કરવાની રહે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેની અરજી કોઈ વેપારી ૩૧ માર્ચ ૨૦૨૪ પહેલા કરી શકે છે.

**હાલ રેગ્યુલર કરદાતા હોય અને કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરવામાં આવે તો ભરવો પડે છે સ્ટોક ઉપર ટેક્સ:**

જી.એસ.ટી. હેઠળ રેગ્યુલર (કંપોઝીશન સિવાય) ના વેપારી કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરે તો ૩૧ માર્ચમાં સ્ટોકમાં રહેલ માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સ કરવાની રહે છે. આ સ્ટોક ઉપર તેની ટેક્સ ભરવાની જવાબદારી આવી શકે છે. આ માટે વેપારીએ ૦૧ એપ્રિલથી ૬૦ દિવસમાં ફોર્મ ITC 03 ભરવાનું રહે છે.

**કેવા વેપારીઓ માટે કંપોઝીશન બની શકે છે ઉત્તમ વિકલ્પ:**

માત્ર B2C એટ્લેકે સીધા ગ્રાહકોને વેચાણ કરતાં અથવા જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા વેપારીઓને વેચાણ કરતાં વેપારીઓ માટે કંપોઝીશન હેઠળ ટેક્સ ભરવો ઉત્તમ વિકલ્પ બની રહે છે. જે વેપારીઓનો ધંધાનો ગાળો પ્રમાણમા ખરાબ ના હોય અને તેના માલ ઉપર લાગુ ટેક્સનો દર ૫% થી વધુ હોય તેવા વેપારીઓ માટે કંપોઝીશન સામાન્ય રીતે સારો વિકલ્પ સાબિત થતી હોય છે. આમ, ૧૨%, ૧૮% કે ૨૮% જેવા ઊચા દરના માલનું B2C વેચાણ કરતાં કરદાતાઓ માટે સામાન્ય રીતે કંપોઝીશન સારો વિકલ્પ રહેતો હોય છે. સિમેન્ટ-મોબાઈલ જેવા ટૂંકા નફાના ગાળા વાળા માલ સાથે જોડાયેલ વેપારીઓ માટે કંપોઝીશનનો વિકલ્પ મોંઘો સાબિત થતો હોય છે. કોઈ વેપારી પોતાના માટે કંપોઝીશનનો વિકલ્પ સારો છે કે નહીં તેના માટે પોતાના એકાઉન્ટન્ટ અને જરૂર પડે તો પોતાના CA, ટેક્સ એડવોકેટ કે ટેક્સ કન્સલ્ટન્ટનો અભિપ્રાય લઈ શકે છે.

**હાલની પરિસ્થિતીમાં શું છે કંપોઝીશનના વિકલ્પનો ખાસ લાભ?**

હાલ, જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી ખૂબ આકરી બની ગઈ છે. વેચનાર વેપારી દ્વારા પોતાનું વેચાણ સમયસર બતાવવામાં ના આવે અથવા તો વેરો ભરવામાં ચૂક કરવામાં આવે તો ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવતી નથી. છેલ્લા થોડા સમયમાં આવા અનેક કિસ્સા સામે આવી રહ્યા છે જ્યાં વેચનારના વાંકના કારણે નિર્દોષ ખરીદનાર વેપારી ઉપર મોટી રકમનો જી.એસ.ટી. નો બોજો જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી ઉપસ્થિતિ કરવામાં આવ્યો હોય. (અનુસંધાન બીજા પાને...)

## ૨૦૨૫ -૨૬ માટે આણંદ સીએ ઈન્સ્ટિટ્યૂટના હોદ્દેદારો ચુંટાયા



તા. ૧૯.૦૨.૨૦૨૫ ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ICAI)ની આણંદ શાખા ના વર્ષ ૨૦૨૫-૨૬ ના હોદ્દેદારો તરીકે ચેરમેન CA રોનક ગોયલ, વાઈસ ચેરમેન અને WICASA (CA Student શાખા) ચેરમેન તરીકે CA હર્ષિત દેસાઈ, સચિવ તરીકે CA જાગૃત શાહ અને ખજાનચી તરીકે CA પાર્થ પટેલ તથા કમિટી સભ્ય તરીકે CA જય શાહ અને CA રાજન આનંદપરા ચુંટાઈ આવ્યા છે. આણંદ CA ઈન્સ્ટિટ્યૂટ વર્ષ ૧૯૮૬ થી તેના આશરે ૪૦૦ થી વધુ CA સભ્યો તથા ૯૦૦ CA વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પરીસંવાદ તથા વિવિધ સમાજ અને દેશ હિતના કર્યો કરતુ રહ્યું છે જેના માટે તેને સમયાંતરે રાષ્ટ્રીય તથા ક્ષેત્રીય સ્તર પર પુરષ્કારથી બહુમાન મળેલ છે. આ બાબતે આણંદ CA ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન CA રોનક ગોયલ એ ખુશીની લાગણી વ્યક્ત કરતા અને તેઓ પર વિશ્વાસ મૂકી પ્રમુખની જવાબદારી સોપવા બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આણંદ CA ઈન્સ્ટિટ્યૂટ વિવિધ સમાજ અને દેશ હિત ના કાર્યો કરતુ રેહશે. તેના પછી CA સભ્યો તથા CA વિદ્યાર્થીઓ માટે આવક વેરા પર નવા આવેલ સુધારા કલમ ૧૯૪(T) અને નવા આવકવેરા બિલ પર પરિસંવાદ રાખવામાં આવ્યો હતો જેમાં નિષ્ણાંત વક્તા CA પલક પાવાગઢી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ ના અંતમાં સચિવ CA જાગૃત શાહ દ્વારા સૌ કોઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**અમિત સોની, ટેક્સ ટુડે**

## મહેસાણા મુકામે એકાઉન્ટન્ટ અને વકીલોનો વ્યવસાચિક સેમિનાર યોજાયો...





**તારીખ ૦૮/૦૩/૨૦૨૫**

મહેસાણા એકાઉન્ટન્ટ એસોસિયેશન તથા મહેસાણા સેલ્સ ટેક્સ બાર એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૦૮/૦૩/૨૦૨૫ના રોજ Profit, GST અને INCOME TAX ના નવા નિયમો અંગેનો ભવ્ય સેમિનાર હંગ્રી બેલી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, કાશી વિશ્વનાથ મંદિરની સામે, રાધનપુર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨ ખાતે યોજાયો. આ સેમિનારમાં ProfitNX Software અને તેનો Web Version વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં Sanket Systemsના નિષ્ણાતો દ્વારા પ્રસ્તુતિ આપી, એકાઉન્ટન્ટ પોતાનું કામ સરળ અને ઝડપી કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં GST અને INCOME TAX ના નિયમિત રિટર્ન અને ઓડિટ દરમિયાન આવતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી અને નિષ્ણાત CA કપિલ ઠક્કર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સભ્યો દ્વારા પણ સક્રિય સહભાગીતા વ્યક્ત કરી તથા પોતાના પ્રશ્નોના નિરાકરણ મેળવ્યા હતા. કાર્યક્રમમાં મહેસાણા તેમજ આસપાસના વિસ્તારના મોટી સંખ્યામાં એકાઉન્ટન્ટ અને વકીલગણ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર અંતે તમામ સભ્યો માટે સ્નેહભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સફળ આયોજન બદલ ProfitNX Software, Sanket Systems, અને તમામ સભ્યોનો ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

મહેસાણા સેલ્સ ટેક્સ બાર એસોસિયેશનના પ્રમુખ કિરીટભાઈ પટેલ, મંત્રી રોનકભાઈ શાહ, મહેસાણા એકાઉન્ટન્ટ એસોસિયેશન પ્રમુખ અશોકભાઈ વેલજીભાઈ પટેલ, ઉપપ્રમુખ પરેશભાઈ સુખદેવભાઈ ઓઝા, મંત્રી કેતન દિનેશભાઈ બારોટ, સહમંત્રી સુરેશભાઈ જી. પટેલ અને ખજાનચી વસંતભાઈ પટેલ, સમિતિ સભ્યગણ માં રતિલાલ આર. પટેલ, સેવંતિલાલ યુ. પટેલ, કેતનભાઈ જે. ઘીવાળા, અલ્કેશભાઈ ડી. મોદી, મહેશભાઈ એચ. પ્રજાપતિ અને ProfitNx Team વિનોદ નાદોડા - વી. પિ. માર્કેટિંગ, અર્પિતા માંકડ - વી. પિ. ઓપરેશન, નીરવ છાયા - બી. ડી. એમ, યશ જોશી - ક્વાલિટી એક્ષ્પર્ટ, ઋષિ તન્ના - સેલ્સ એક્સિક્યૂટિવ તેમજ Sanket Systems Team વિજય અગ્રવાલ, નીતિકા અગ્રવાલ - ઓપરેશન હેડ, નિસર્ગ પટેલ - સેલ્સ એક્સિક્યૂટિવ, આકાશ ઠાકોર - સપોર્ટ એંજીનિયર સૌના અથાગ પ્રયત્ન થકી આ સેમિનાર ખુબજ સફળ બની રહ્યો.

**ટેક્ષ રિપોર્ટર હર્ષદ ઓઝા (ઉત્તર ગુજરાત ઝોન)**

www.harshadkumarvoza.wordpress.com

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના



**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**

### Goods Services Tax

**અમારા અસીલ માલિકી ધોરણે ધંધો ચલાવીએ છીએ. આ ધંધો જેમનો તેમ (તમામ લાયાબીલીટી સાથે) અન્ય વ્યક્તિને ટ્રાન્સફર કરી રહ્યા છે. જે વ્યક્તિને ધંધો તબદીલ કરવામાં આવે છે તેઓ અલગ નંબર લઈ રહ્યા છે. અમારા ધંધામાં એક ટ્રક છે જે પણ અમે તેઓને આપી રહ્યા છે. અમારો પ્રશ્ન એ છે કે શું આ ટ્રકના ટ્રાન્સફર તરીકે અમો કલમ ૨૯(૫) વેરો ભરવાની જવાબદારી આવે કે શિડ્યુલ III મુજબ Going Concernનો લાભ મળે?**

**– ધ્રુવી શાહ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હા, જ્યારે કોઈ ધંધો સંપૂર્ણ જવાબદારી સાથે જી.એસ.ટી. કાયદાના શિડ્યુલ II ના ૪ (c)(ii) મુજબ 'ગોઈંગ કન્સર્ન' તરીકે તબદીલ કરવામાં આવે તો ટ્રક ઉપર કલમ ૨૯(૫) હેઠળ વેરો ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમો મિનરલ વોટરનો પ્લાન્ટ ધરાવીએ છીએ. જેમાં અમો મિનરલ વોટરની બોટલ સપ્લાય કરીએ છીએ. અમારા આ પ્લાન્ટની છત પર અમોએ સોલર પેનલ લગાવેલ છે. આ સોલર પેનલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમોને મળે કે નહીં?**

**– નીરવ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હા, મિનરલ વોટર પ્લાન્ટની છત પર સોલર પેનલ લગાડવામાં આવી હોય તો આ સોલર પેનલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

**અમોએ ખુલ્લો પ્લોટ ભાડે આપવાના હેતુસર શેડ બનાવેલ છે. આ શેડ બનાવવા વાપરવામાં આવેલ રેતી–કપચી–સિમેન્ટ સિવાયની લોખંડના એંગલ, પતરા જેવી મુવેબલ વસ્તુઓની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે?**

**– નીરવ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, શેડ એ પ્લાન્ટ ગણાઈ, મશીનરી ગણાય નહીં અને આ લોખંડના એંગલ, પતરાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં તેવો અમારો મત છે.

**અમો કોમ્પ્યુટર એનિમેશન (VFX) સેન્ટર ધરાવીએ છીએ. વધુમાં અમો National Skill Development Corporationમાં નોંધણી પણ ધરાવીએ છીએ. અમારા માનવા મુજબ અમો SAC 9992ની એન્ટ્રી d (iii) હેઠળ આવતા હોય, આ એન્ટ્રી NIL રેટેડમાં હોય અમો જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર થઈએ કે કેમ?**

**– નીરવ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આપની સેવા જો NIL રેટેડ માં પડતી હોય અને અન્ય કોઈ ટેકસેબલ સેવા કે માલનું આપના દ્વારા સપ્લાય ના કરવામાં આવતુ હોય તો આપની જી.એસ.ટી. નંબર લેવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમો રેતી, કપચી, સિમેન્ટના વેપારી છીએ. અમારા દ્વારા આ વેચાણ ડમ્પર દ્વારા વહન થતું હોય છે. આ ડમ્પર ખરીદવામાં આવે તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમોને બાદ મળે કે નહીં?**

**– દીપેશભાઈ ભોઈ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ટ્રાન્સપોર્ટેશન ઓફ ગુડ્સ માટેના વાહનની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે. આમ, ડમ્પર ખરીદીની ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

**અમો રેતી, કપચી, સિમેન્ટના વેપારી છીએ. અમારા દ્વારા આ વેચાણ ડમ્પર દ્વારા વહન થતું હોય છે. આ ડમ્પર દ્વારા આ માલ વહન કરવામાં આવે તો તેના ઉપર ૫% જી.એસ.ટી. લાગે કે ૧૨%?**

**– દીપેશભાઈ ભોઈ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ રેતી, કપચી વગેરેના વેચાણમાં જ્યારે કંપોઝીટ સપ્લાયનું બિલ બને ત્યારે આ રકમ ઉપર ૫% જી.એસ.ટી. (રેતી–કપચીના દરે) લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પાર્ટી પ્લોટ ધરાવે છે. શું તેઓ કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે? જો હા, તો જી.એસ.ટી. ની જવાબદારી કેવી રીતે આવે?**

**– નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હા, આપના અસીલ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦(૨) હેઠળ ૫૦ લાખની મર્યાદામાં ટર્નઓવર હોય તો કંપોઝીશન સ્કીમ માટે હક્કદાર બને. તેઓ કંપોઝીશન હેઠળ પરવાનગી લે તો તેઓ ૩% CGST અને ૩% SGST ભરવા જવાબદાર બને તેવો અમારો મત છે.

**અમારા અસીલ રિસોર્ટ ચલાવે છે. તેઓ રહેવા અને જમવા બન્નેની સેવા પૂરી પાડે છે. આ બન્ને સેવાનો ચાર્જ સંયુક્ત રીતે વસૂલ કરે છે. આ સેવા ઉપર ક્યાં દરે વેરો લાગુ પડે? શું તેઓ કંપોઝીશનનો લાભ લેવા હક્કદાર છે?**

**– જીતેશ કાપડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આપના અસીલ જેઓ રિસોર્ટ ચલાવે છે તેઓ જો રૂમ અને જમવાનો ચાર્જ સાથે ઉઘરાવતા હોય અને તેઓનો ચાર્જ ૭૪૯૯ સુધી હોય તો ૧૨% જી.એસ.ટી. લાગુ પડે અને ૭૫૦૦/- કે તેથી ઉપર રકમ વસૂલ કરવામાં આવતી હોય તો ૧૮% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે. તેઓ કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે છે પરંતુ ટર્નઓવર મર્યાદા ૫૦ લાખની ગણવાની રહે તેવો અમારો મત છે.

### Income Tax

**અમારા અસીલને વારસામાં ખેતીની જમીન મળેલ હતી. આ જમીન NA (બિન ખેતી) કરી તેઓએ વેચાણ કરેલ છે. આ બાબતે અમારા પ્રશ્ન છે કે શું આ જમીનની પડતર કિંમત નક્કી કરવા વેલ્યુએશન કરાવવું જરૂરી બને? શું અમારા અસીલ આ જમીનના વેચાણના નફાને અન્ય દુકાનની ખરીદી કરી કલમ ૫૪Bનો લાભ મેળવી શકે?**

**– પી. ખરેચા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આપના અસીલને વારસામાં મળેલ જમીન બાબતે બે વિકલ્પો રહે. પ્રથમ તેઓ આ જમીનના પ્રિવિયસ ઓનરની કિંમતને ખરીદ કિંમત તરીકે લઈ શકે છે. આ વિકલ્પ માટે વેલ્યૂએશનની જરૂર રહેતી નથી. જ્યારે તેઓ આ રકમના સ્થાને ૦૧.૦૪.૨૦૦૧ ની વેલ્યૂ લેવા અંગે ઈચ્છા રાખતા હોય તો માન્ય વેલ્યુયર પાસે વેલ્યુએશન કરાવવું જરૂરી બને તેવો અમારો મત છે. ખેતીની જમીન સામે જ્યારે ખેતીની જમીન જ ખરીદવામાં આવે ત્યારે જ ઇન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૪Bનો લાભ મળે. આમ, આપના અસીલને આ લાભ મળે નથી તેવો અમારો મત છે.

**ભાગીદારી સંદર્ભે મહેનતાના ની જોગવાઈમાં નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ થી વધારો કરવામાં આવ્યો છે. અમારો પ્રશ્ન એ છે કે શું આ વધારાના મહેનતાનાનો લાભ લેવા ભાગીદારી દસ્તાવેજમાં આ અંગે સુધારો કરવો જરૂરી બને?**

**– જગદીશ વ્યાસ એન્ડ એસો., ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ભાગીદારી સંદર્ભે મહેનતાનામાં વધારે બાબતે જોગવાઈ સુધારા અંગે ભાગીદારી દસ્તાવેજમાં સુધારો કરવો પડે કે નહીં તે બાબત હાલના ભાગીદારી દસ્તાવેજમાં લખવામાં આવેલ જોગવાઈ ઉપર નિર્ભર રહે. જે ભાગીદારી દસ્તાવેજોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ હોય કે મહેનતાના અંગે ઇન્કમ ટેક્સ કાયદાની મહેનતાનાની મહત્તમ જોગવાઈ નો ઉલ્લેખ હોય તો આ ભાગીદારીમાં સુધારો કરવાનો રહે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ દ્વારા ૫ લાખ જેવો ઘર ખર્ચ દર્શાવવામાં આવેલ છે. શું ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ઘર ખર્ચની કોઈ મર્યાદા આપવામાં આવેલ છે?**

**– સુંદરીયા કોલીપરા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ઘર ખર્ચ બાબતે કોઈ મર્યાદા દર્શાવવામાં આવેલ નથી તેવો અમારો મત છે.

### Dt 24.02.2025
### Goods Services Tax

**અમારા અસીલ માલિકી ધોરણે જુદા જુદા બે સ્થળે જી.એસ.ટી. નંબર ધરાવીએ છીએ. પ્રથમ જી.એસ.ટી. નંબરમાં અમો રેતી નું વેચાણ કરીએ છીએ. બીજા નંબરમે અમો થર્ડ પાર્ટીનું કાર્ટીંગ કરી GTAની સેવા પૂરી પાડીએ છીએ. નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં અમો GTA તરીકે RCMના વિકલ્પમાં હતા. નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪ માં અમોએ ટ્રક લીધી તેની ક્રેડિટ લીધેલ નથી. હાલ અમો બંને ધંધા મર્જ કરવા માંગે છે. એટ્લે કે અમે અમારો GTAનો ધંધો રેતીના ધંધામાં મર્જ કરી આપવા માંગીએ છીએ. શું અમારા ધંધામાં રહેલ ટ્રક ઉપર ૨૮% ભરવા જવાબદાર બનીએ?**

**– ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ ના, જ્યારે આપનો બિઝનેસ અન્ય GSTIN ઉપર સંપૂર્ણ જવાબદારી સાથે તબદીલ થતો હોય ત્યારે ''ગોઈંગ કન્સર્ન'' સિદ્ધાંત મુજબ તથા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૮(૩) જી.એસ.ટી. કાયદાની કલમ ૨૯(૫) હેઠળ ટ્રક ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ મ્યુનિસીપલ કોર્પોરેશન છે. તેઓ કાર વાર્ષિક ધોરણે ભાડે રાખે છે. આ કારના માલિક URP (બિન નોંધાયેલ છે). શું મ્યુનિસિપલ કોર્પોરેશન RCM ભરવાં જવાબદાર બને? બને તો ક્યાં દરે વેરો ભરવાં જવાબદાર બને?**

**– ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ મ્યુનિસિપલ કોર્પોરેશન જી.એસ.ટી. કાયદા હેઠળ બોડી કોર્પોરેટ ગણાય. જો તેમના દ્વારા કાર એવી રીતે ભાડે લેવામાં આવેલ હોય જે ભાડામાં પેટ્રોલ–ડીઝલની કિંમત પણ સમાવિષ્ટ થઈ ગયો હોય તો RCMની જવાબદારી લાગુ પડે. જો આમ ના હોય તો RCMની જવાબદારી લાગુ પડે નહીં. જો RCM લાગુ પડે તો ૫% ના દરે પડે તેવો અમારો મત છે.

**અમારા વેપારીશ્રી મકાઇ ખોળ ખરીદી કરી પુનઃ વેચાણનો ધંધો કરે છે. મકાઇ ખોળ એ NIL રેટેડ વસ્તુમાં આવે. તેઓનું ટર્નઓવર ૪ કરોડ જેવુ છે. શું તેઓ જી.એસ.ટી. નંબર રદ્દ કરવી શકે?**

**– ગૌરવ પટેલ, ખેડા**

જવાબઃ હા, માત્ર કરમુક્ત વસ્તુનું ટર્નઓવર કરતાં હોય તેઓ ૪ કરોડ નું ટર્નઓવર હોવા છતાં જી.એસ.ટી. નંબર રદ્દ કરવી શકે છે તેવો અમારો મત છે.

**–:: ખાસ નોંધ ::–**

૧. જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ 'ટેક્સ ટુડે'ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો 'ટેક્સ ટુડે'ને નીચે આપેલ ઇ–મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ–મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# જી.એસ.ટી. માફી યોજનાની અરજી કરવામાં કરદાતાઓ મુંજવાણમાં!!

તા. ૦૭.૦૩.૨૦૨૫ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૨૮A હેઠળ માફી યોજના હાલ ચાલી રહી છે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી માંડીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ સુધીના કલમ ૭૩ હેઠળના આદેશમાં ટેક્સ ભરી આપવામાં આવે તો વ્યાજ અને દંડમાં મુક્તિ આપવામાં આવે છે. આ લાભ માત્ર કલમ ૭૩ હેઠળ ના આદેશ કે જેમાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા કરચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો નથી તેવા જ આદેશ કે નોટિસ માટે લાગુ પડે છે. આ યોજના એ કરદાતાઓ માટે ખૂબ ઉપયોગી યોજના હોય મોટા પાયે કરદાતા આ યોજના માટે અરજી કરશે તેવું માનવમાં આવી રહ્યું છે. પરંતુ હાલ ઘણા કરદાતા આ અરજી કરવા ઈચ્છતા હોવા છતાં આ અરજી કરવામાં રહેલી ટેકનિકલ ક્ષતિ ના કારણે માફી યોજનાની અરજી કરી શકતા નથી. કરદાતા દ્વારા જ્યારે ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવા જે તે આદેશને પસંદ કરવામાં આવે છે ત્યારે પોર્ટલ પર અરજીને પ્રિવ્યુ કરતાં આદેશનો નંબર સાચો દર્શાવે છે પરંતુ આ આદેશની તારીખ આદેશની તારીખને બદલે જે તે અરજીની તારીખ દર્શાવવામાં આવી રહી છે. આ કારણે કરદાતા માફી યોજનાની અરજી કરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે. ઘણા કરદાતાને આ બાબતે ધ્યાન ના હોય તેઓ દ્વારા આ ભૂલ સાથે અરજી કરી આપવામાં આવેલ છે. આ અંગે વાત કરતાં જુનાગઢના ટેક્સ એડવોકેટ પ્રતિક મિશ્રાણી જણાવે છે કે ''હાલ અરજી કરવામાં જે તારીખની સમસ્યા પડી રહી છે તે ધ્યાને લઈ ઘણા કરદાતા અને ટેક્સ પ્રેકટિશનર આ અરજી કરવાની ટાળી રહ્યા છે. આ ટેકનિકલ ક્ષતિમાં જલ્દી સુધારો કરવામાં આવે તે જરૂરી છે. ઘણા કરદાતા માને છે કે આ અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ છે પરંતુ વાસ્તવમાં આદેશ અન્વયે ટેક્સ ભરવાની તારીખ ૩૧ માર્ચ છે. આ અરજી કરવા માટે ૩૦ જૂન ૨૦૨૫ સુધી કરદાતાઓને સમય આપવામાં આવ્યો છે. આમ, જ્યાં સુધી આ ક્ષતિ દૂર ના થાય ત્યાં સુધી આ અરજી ના કરવી જોઈએ તેવું હું માનું છું.''

જી.એસ.ટી. પોર્ટલની આ ટેકનિકલ ક્ષતિના કારણે ફરી કરદાતાઓ ભોગ બની રહ્યા છે. આ ક્ષતિ જલ્દી દૂર કરવામાં આવે તથા જે અરજી અગાઉ કરવામાં આવેલ છે તેને માન્ય ગણવામાં આવે તેવી માંગ ટેક્સ પ્રેકટિશનર્સ તથા કરદાતાઓમાં ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

◆ Year: 9 ◆ Issue No.05 ◆ Continue Issue No.100 ◆ Date: 15/03/2025, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.